# <u>ક્રિ.કે.નં.૨૦૦૦૧૭/૨૦૦૬</u>

# <u>-: આંક-૧૬૦ નીચે હુકમ :-</u>

**<u>એપીયરંન્સ</u>**
**<u>ફરીયાદપક્ષે (એસ.એફ.આઈ.ઓ.): વિ.સ્પે.પ્રોસિકયુટરશ્રી એન.એ.શેખ</u>**
**<u>આરોપી નં.૧( કંપની) પક્ષે : વિ.વ.શ્રી કીરન એલ.શર્મા</u>**

(૧) આ કામે આરોપી નં. ૧(કંપની) પક્ષે **કંપની એકટ, ૧૯૫૬ ની કલમ ૧ ૪૯(૨-એ) સાથે વાંચતા કલમ ૬૨૯(એ)**ની ફરીયાદના કામે ડીસ્ચાર્જ કરવાની અરજી કરેલી છે.

આક્ષેપિત ગુનાના સજાના પ્રબંધો જોવામાં આવે તો તેમાં ફકત દંડના પ્રબંધો કરેલા છે.

(૨) આરોપી નં.૧(કંપની:- મરડીયા કેમિકલ્સ લીમીટેડ) તર્ફે વિ.વ.શ્રી દ્વારા રજુઆત કરવામાં આવેલી છે કે, હાલની ફરિયાદમાં કંપની તા.૩/૮/૨૦૦૫ ના નામદાર ગુજરાત હાઈકોર્ટના **કંપની એપ્લીકેશન નં.૧૧૯/૦૫ અને કંપની પીટીશન નં.૩૭/૯૮** ના હુકમ મુજબ લીકવીડેશનમાં ગયેલી હોય અદાલત દ્વારા એપોઈન્ટ કરેલા ઓફિસીયલ લીકવીડેટરને કંપનીના સ્થાને જોડવામાં આવેલ છે અને ત્યારબાદ કંપનીના બાકીના ડીરેકટરો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં **સ્પે.ક્રિ.એપ્લી.(કવોશીંગ) નં .૫૫૫૩/૨૦૧૪** થી કાર્યવાહી કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેઓ સામેની ફરિયાદ કવોશ યાને કે રદ કરવાનો હુકમ **તા.૨૯/૦૪/૨૦૧૫** ના રોજ કરેલ હતો. જેની સામે ફરિયાદપક્ષે નામદાર સુપ્રિમ કોર્ટ સમક્ષ **સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં.૨૯૮૨, ૩૪૨૩, ૩૩૪૫, ૮૮૬૮, ૮૩૨૨, ૮૩૨૬, ૯૦૩૬, ૮૩૨૮, ૮૮૭૧, ૮૩૨૭, ૯૩૪૪, ૮૩૩૦, ૮૮૬૭, ૮૮૭૦, ૯૪૦૨, ૮૮૬૬, ૮૩૨૯/૨૦૧૬** દાખલ કરતાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તે રદ કરવાનો હુકમ કરેલ છે જેથી, હાલમાં અત્રેની અદાલતમાં આરોપી નં.૧ કંપનીના ઓફીસીયલ લીકવીડેટર સિવાય કોઈની સામે કેસ બાકી રહેતો નથી.

વધુમાં દલીલો કરેલ છે કે, **કલમ ૪૪૬** મુજબ જયારે કોઈ કંપની સમાપ્તીનો હુકમ કરી ઓફિસીયલ લીકવીડેટરને એપોઈન્ટ કરવામાં આવેલ હોય ત્યારે કંપની સામે કોઈ દાવો કે અન્ય કાનુની કાર્યવાહી થઈ શકે નહિ અને ઓફિશીયલ લીકવીડેટર ફકત ફોર્મલ પાર્ટી તરીકે જોડવામાં આવેલી હોય છે જેઓ સમાપ્ત થઈ ગયેલ કંપનીનો વહીવટ નામદાર કોર્ટના દિશાનિર્દેશ મુજબ કરતા હોય છે. વધુમાં દલીલો કરેલ છે કે, હાલના કેસમાં કંપની સિવાય બીજા તમામ ડીરેકટરો સામેની ફરિયાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ રદ થયેલી હોય જેથી અન્ય ડીરેકટરો કે કસુર કરનાર કંપનીના મુખ્ય ઓફિસર / ડીરેકટર/ એમ.ડી. / મેનેજર /હોલ ટાઈમ ડીરેકટર / સેક્રેટરી ની ગેરહાજરીમાં અદાલત

ઓફિશીયલ લીકવીડેટર સામેનો કેસ આગળ ચલાવી તેઓને સજા કે દંડનો હુકમ કરી શકે નહિ. વધુમાં જણાવેલ છે કે, ઓફિશીયલ લીકવીડેટર **કલમ ૫** ની વ્યાખ્યામાં આવતા નથી જેથી તેઓ કસુર કરનાર અધિકારી તરીકે ગણી શકાય નહિ. વધુમાં દલીલો કરેલ છે કે, ઓફીશીયલ લીકવીડેટર કોર્ટ ધ્વારા નિમણુક થયેલ એજન્ટ છે કંપનીના પ્રતિનિધિ તરીકે કામ કરતા નથી અને તેઓની જવાબદારી કંપનીની મિલકત વસુલ કરવી, દેવાની ચુકવણી વિગેરે કરવાની હોય છે અને જેથી ફોજદારી કાર્યવાહીમાં તેઓને કંપનીના કસુરદાર પ્રતિનિધિ ગણી શકાય નહિ. વધુમાં દલીલો કરેલ છે કે, **કલમ ૪૫૬** મુજબ ઓફીશીયલ લીકવીડેટર કંપનીની મિલકતોની કસ્ટડી મેળવે તેવા એકમાત્ર કારણથી તેઓ ફોજદારી કાર્યવાહીમાં અંગત રીતે આરોપી બની જાય નહિ. વધુમાં દલીલો કરેલ છે કે, **કલમ ૫૩૮ થી ૫૪૧** મુજબ વાઈન્ડીંગ અપ દરમ્યાન કે તે પહેલા થયેલ ગુનાઓમાં જે તે ડીરેકટર જવાબદાર થઈ શકે તેમ ઓફીશીયલ લીકવીડેટરની કયારેય જવાબદારી બને નહિ જેથી હાલના કામમાં ઉપરોકત હકીકતોએ ફરિયાદ રદ કરવા અરજ કરેલ છે.

(૩) ફરિયાદપક્ષે વિ. એડી.સેન્ટ્રલ ગર્વમેન્ટ સ્ટેન્ડીંગ કાઉન્સીલ/પ્રોસિકયુટરશ્રીએ ઓફિશીયલ લીકવીડેટર પક્ષે કરવામાં આવેલ અરજીનો કોઈ વાંધા જવાબ રજુ કરી તેને ચેલેન્જ કરેલ નથી. ઓફિશીયલ લીકવીડેટર પક્ષે જણાવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ કે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ હાલની ફરિયાદમાં ફકત કંપની જ ફોર્મલ પાર્ટી તરીકે બાકી રહેતી હોવાની હકીકત તેઓએ સ્વીકારેલ છે.

(૪) હાલના કેસમાં એ હકીકત સ્વીકૃત છે કે, અદાલતમાં આરોપી નં.૧ કંપનીના ઓફીસીયલ લીકવીડેટર સિવાય કોઈની સામે કેસ બાકી રહેતો નથી અને તેઓ કંપની તર્ફે ફોર્મલ પાર્ટી તરીકે જોડાયેલ છે. કંપનીઝ એકટ, ૧૯૫૬ની કલમ ૪૪૬ મુજબ જયારે કોઈ કંપની સમાપ્તીનો હુકમ કરી ઓફિસીયલ લીકવીડેટરને એપોઈન્ટ કરવામાં આવેલ હોય ત્યારે ઓફિશીયલ લીકવીડેટર ફકત ફોર્મલ પાર્ટી તરીકે જોડવામાં આવેલી હોય છે જેઓ સમાપ્ત થઈ ગયેલ કંપનીનો વહીવટ નામદાર કોર્ટના દિશાનિર્દેશ મુજબ કરતા હોય છે. હાલના કેસમાં કંપની સિવાય બીજા તમામ ડીરેકટરો સામેની ફરિયાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ રદ થયેલી હોય તથા ઓફિશીયલ લીકવીડેટર કલમ ૫ ની વ્યાખ્યામાં યાને કે ઓફિસર ઈન ડીફોલ્ટમાં આવતા નથી જેથી તેઓ કસુર કરનાર અધિકારી તરીકે ગણી શકાય નહિ. વધુમાં રેકર્ડ જોતા છેલ્લા ઘણા વર્ષોથી ફરિયાદ આગળ ચલાવવા ફરિયાદપક્ષે કોઈ અસરકારક કામગીરી કરેલ નથી. જો હાલની ફરિયાદ ફકત આરોપી નં.૧ સામે આગળ ચલાવવામાં આવે તો કેસના અંતમાં આરોપી નં.૧ કંપની તર્ફે ઓફિશીયલ લીકવીડેટરને દંડ કે સજા કરી શકાય નહિ તે હકીકત પ્રસ્તુત છે. જેથી ઉપરોકત હકીકતોએ ફકત આરોપી નં.૧(કંપની:- મરડીયા કેમિકલ્સ લીમીટેડ) તર્ફે એપોઈન્ટ થયેલા ઓફિસીયલ લીકવીડેટરની અરજી નામંજુર કરવી ઉચિત જણાતી નથી. જેથી હાલના તબકકે, ઉપરોકત સંજોગો ધ્યાને લેતા સદર અરજી મંજુર કરવાપાત્ર જણાઈ આવે છે. આ કામે ઉપરોકત હકીકતોએ નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આરોપી નં.૧ (કંપની:– મરડીયા કેમિકલ્સ લીમીટેડ) તર્ફે એપોઈન્ટ થયેલા ઓફિસીયલ લીકવીડેટરની ડીસ્ચાર્જ/ ફરિયાદ રદ કરવાની અરજી ક્રિમીનલ પ્રોસીજર કોડ અન્વયે નોન પ્રોસિકયુશનના લીધે અને કંપની એકટ, ૧૯૫૬ ની વિવિધ કલમો જેવી કે, કલમ ૫, ૪૪૬, ૪૫૬, ૫૩૮ થી ૫૪૧ વિગેરે વંચાણે લઈ મંજુર કરી આરોપી નં.૧ ને સદર કામેથી તેઓની સામેનો કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી હાલના આરોપીઓ સામે ચાલી રહેલ અન્ય ફરિયાદ / કાર્યવાહીઓને કોઈ બાધ આવશે નહિ.

જો હુકમમાં ફાયર ફોરમ ઘ્વારા કોઈ ફેરફાર થાય તો તે મુજબ સદર ફરીયાદ રીસ્ટોર/ફરી દાખલ કરવાને ફરિયાદપક્ષને હાલના હુકમથી બાધ આવશે નહી.

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૧૨/૨૦૨૪
મુકામ : અમદાવાદ.
(લો.ક.–સ્પે.સીટીંગ)

**(સનત જયંતિલાલ પંચાલ)**
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી) (જી.જે.૦૦૮૬૪)